| GJPM040026692021 | રજુ તારીખ | ૩૦/૦૯/૨૦૨૧ |
|---|---|---|
| | નિકાલ થયા તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| | અવધિ : વર્ષ માસ દિવસ | |

# હાલોલના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.ની કોર્ટમાં...

[Criminal Case No.2121/2021]
(Details FIR 471/2020
Halol Rural Police Station)

**આંક :**

| | | |
|---|---|---|
| ફરીયાદી : | **શ્રી સરકાર** | |
| ફરીયાદી તર્ફે : | **વિ.એ.પી.પી.શ્રી એન.એચ.પટેલ** | |
| આરોપી : | ૧. | **મહેશસિંહ કેશરીસિંહ રાઠોડ**<br>રહે.ગોયાસુંડલ,<br>તા.ઘોઘંબા, જિ.પંચમહાલ |
| આરોપી તર્ફે : | **વિ.વકીલ શ્રી આર.એન.ચાવડા** | |

---

**ગુન્હો :**–આઈ.પી.સી.કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૭,૧૮૪,૧૮૭ મુજબ.

---

## :: ઠ રા વ ::

(૧) ફરીયાદ પક્ષના કેસ ની હકીકત ટુંકમા એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ફોર્સ કંપનીની મીની ટ્રાવેલ્સ જેનો નં .જીજ–૦૬–એ.એકસ–૮૨૩૨ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મરણજનાર સાહેદ ઓબી ખજાન ભચડીયા નાઓની મોટરસાઈકલને ટકકર મારી તેઓને શરીરે ગંભીર ઈજાઓ કરી, ગુન્હો કરી આઈ.પી.સી.ની કલમ–૨૭૯,

૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૭,૧૮૪,૧૮૭ મુજબનો ગુન્હો કરેલ હોઈ સદર ફરીયાદની તપાસના આધારે ત.ક. અધિકારીએ તપાસ કરી, લાગતા– વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ક્રિ. પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ તહોમતનામુ ફરમાવી, આરોપીનું નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| આંક | ફરીયાદી / સાહેદની વિગત |
|---|---|
| ૬ | પંચસાહેદ ઠકકર અશોકભાઈ વસંતલાલ |
| ૮ | પંચસાહેદ જશવંતભાઈ મોતીભાઈ પરમાર |
| ૧૪ | ત.ક.અ. મયંકકુમાર મગનસિંહ ઠાકોર |
| ૨૫ | ફરીયાદી શ્રી વાસ્તવ ખજાન |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| આંક | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૭ | પંચનામું. |
| ૧૬ | પી.એમ.નોટ |
| ૨૬ | ફરીયાદ. |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોધવામાં આવેલ છે જેમાં આરોપીએ સદર કામનો પુરાવો તેમની રુબરુમાં અને સાંભળતા લીધેલાની હકીકત સ્વીકારી અન્ય હકીકતો નો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં ''દયા કરી નિર્દોષ છોડી મુકવા અરજ છે.'' તેવી હકીકત જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રીની દલીલો સાભળવામાં આવી.

(૬) ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવા ને તેમજ દલીલો ને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ફોર્સ કંપનીની મીની ટ્રાવેલ્સ જેનો નં .જીજ–૦૬–એ.એકસ–૮૨૩૨ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મરણજનાર સાહેદ ઓબી ખજાન ભચડીયા નાઓની મોટરસાઈકલને ટકકર

મારી તેઓને શરીરે ગંભીર ઈજાઓ કરી, ગુન્હો કરી આઈ.પી.સી.ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૭,૧૮૪,૧૮૭ મુજબ નો સજા અને દંડ ને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**(૮)** આરોપી સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેના ગુન્હાની હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત સાબીત કરવાનો પુરાવાનો બોજ ફરીયાદ પક્ષ પર રહેલો છે.

– ***''પીનલ કોડ''ની કલમ–૨૭૯*** *અન્વયેનુ ગુનાહિત કૃત્ય પુરવાર કરવા માટે બનાવ વખતે આરોપીએ જાહેર રસ્તા ઉપર પોતાનુ વાહન જાહેર રસ્તા ઉપર મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય એ રીતે અથવાતો કોઈપણ વ્યકિતને વ્યથા અથવા તો હાની પહોંચે તે રીતે બેફામપણે અને ગફલતભરી રીતે હંકારતા હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.*

– ***<u>''પીનલકોડ'' ની કલમ–૩૩૭</u>*** *અન્વયે નુ ગુનાહિત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ અન્યની જીદગી અથવા શારીરીક સલામતી ભયમાં મુકે તેવા કૃત્યથી વ્યથા પહોંચાડી હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.*

– ***<u>''પીનલ કોડ ની કલમ–૩૦૪(અ)</u>*** *બેદરકારીથી મૃત્યુ નિપજાવ્યા સબબ ની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.*

**મુદ્દા નં.૧ :–**

(૯) આ કામે ફરીયાદ પક્ષના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૨૫ થી ફરીયાદી શ્રી વાસ્તવ ખજાનને તપાસવામા આવેલ છે તેમનો પુરાવો જોતા બનાવ સાંજના સમયે બનેલો અને ફોનથી જાણવામળેલ કે ઓબી મોટરસાઈકલ લઈને તારાપુર જતો હતો તે વખતે વડોદરા હઈીવે રોડ ઉપર એક ફોર્સ કંપનીની મીની ટ્રાવેલ્સ ગાડીએ અકસ્માત કરેલો તેણે માથામા તેમજ શરીરે ઈજા થયેલી અને તે મરણ ગયેલો. અકસ્માત કરનાર ગાડીનો ચાલક સ્થળ ઉપર ગાડી મુકી નાસી ગયેલો. તેમના ભાઈને સારવાર માટે હાલોલ હોસ્પીટલે લઈ ગયેલા. બનાવ બાબાતે પોતે પોલીસ ફરીયાદ આપી હતી. અકસ્માત કરનાર ટ્રાવેલ્સનો નંબર શું હતો તેની ખબર નથી. ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી અને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષે ઉલ્ટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત વાળો બનાવ નજરે જોયેલ નથી.

વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૪ થી ત.ક.અ. મયંકકુમાર મગનસિંહ ઠાકોરને તપાસવામા આવેલ છે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સદર ગુન્હાની તપાસ તેઓ તરફ ડેપ્યુટ થતા તપાસ સંભાળી, પંચો રૂબરૂ પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનનોંધી, એફએસએલ રીપોર્ટ, પી.એમ.રીપોર્ટ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

બચાવપક્ષે ઉલ્ટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યાએ હાઈવે રોડ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજાપામનારના સગા સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ગુન્હાવાળી જગ્યાની આજુ બાજુ દુકાનો આવેલી છે લોકો અવર જવર કરે છે.

**<u>:: મૂલ્યાંકન ::</u>**

(૧૦) આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ પોલીસ રૂબરૂની જે ફરીયાદ આપેલી છે અને તેમાં આરોપી વિરૂધ્ધ ગુનાને લગતા જે આક્ષેપો કરેલા છે તેવી હકીકતને સાબિત કરવા માટે પ્રોસીકયુશન ધ્વારા ફરીયાદીને તપાસવામાં આવેલ છે તેમની જુબાનીનું મૂલ્યાંકન કરતા તેઓ અકસ્માત વાળો બનાવ બનેલ હોવાનું અને તેમનાઈ ભાઈની મોટરસાઈકલને એક ફોર્સ કંપનીની ટ્રાવેલ્સ ધ્વારા અકસ્માત થયેલ હોવાનુ અને તેઓને માથામાં તેમજ શરીરે ગંભીર ઈજા થતા અવાસાન પામેલ હોવાનું જણાવે છે અને અકસ્માત કરનાર વાહન ત્યા પડેલ હોવાનું જણાવે છે પરંતુ તેઓ અકસ્માત કરનાર વાહનનો ચાલક કોણ હતો અને તે વાહનની ગતિ શું હતી અને અકસ્માત કરનાર વાહનનો નંબર શું હતો તેવી કોઈ હકીકત તેમની જુબાની

ધ્વારા રેકર્ડ ઉપર આવી શકેલ નથી તેમજ તેઓએ બનાવ નજરે જોયેલ નથી જેથી અકસ્માત વાળો બનાવ કેવી રીતે અને કયા સંજોગોમાં બનવા પામેલ છે તેનું પ્રત્યક્ષ જ્ઞાન તેઓને હોઈ શકે નહી. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા પ્રોસીકયુશન ધ્વારા તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની ધ્વારા અકસ્માત કેવી રીતે, કયા સંજોગોમાં થયેલ છે તેમજ અકસ્માત કરનાર વાહનની ચોકકસ ગતિ શું હતી તેમજ એક માત્ર આરોપીની બેદરકારી તથા ગફલતના કારણે જ અકસ્માતવાળો બનાવ બનવા પામેલ છે તેવી આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આ કામે ફરીયાદપક્ષે ત.ક.અમલદારને તપાસેલ છે તેઓએ તેમની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલાનું જણાવે છે તેમજ ફરીયાદપક્ષે પંચસાહેદોને તપાસેલ છે તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ થયેલા છે. આમ પંચોની જુબાની ધ્વારા પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થઈ શકેલ નથી.

ફરીયાદપક્ષે બાકી દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો, પંચનામું, પી.એમ.નોટ રજુ થયેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવા ધ્વારા આરોપી વિરૂધ્ધ ગુનાની લગતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર કરવામાં દસ્તાવેજી પુરાવા પણ ફરીયાદપક્ષને મદદરૂપ નિવડી શકેલ નથી.

વધુમાં મો.વ્હી.એકટની કલમ–૧૮૪ મુજબનો આરોપી સામે આક્ષેપ છે, જે અંગે મોટર વ્હીકલ એકટ ની કલમ–૨૦૯ ધ્યાને લેવામાં આવે તો જયાં સુધી કલમ–૨૦૯ ની આદેશાત્મક જોગવાઈ નું પાલન કરવામાં ન આવે ત્યાં સુધી કલમ–૧૮૪ મુજબનાં પગલા લઈ શકાય નહીં. હાલના કેસમાં ફરિયાદ પક્ષે એમ.વી.એ.કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનુ પાલન કરવામાં આવેલ

હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી કલમ-૧૮૪ મુજબના કોઈ પગલા લઈ શકાય નહીં. વધુમાં એમ.વી.એકટની કલમ-૧૮૭,૧૮૪,૧૮૭ મુજબનો ગુનો પણ પુરવાર થઈ શકેલ નથી.

**(૧૧)** આમ, ફરીયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ જે ફરીયાદ આપી છે તેવી આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ ન હોય, આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ ''નકાર'' માં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપીને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૮૭,૧૮૪,૧૮૭ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનાં આરોપમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ- ૨૫૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૪૩૭(એ) મુજબ રૂન.૭૫૦૦/-ના જામીન આપવા અન્યથા આરોપીએ આપેલ અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૨/૦૪/૨૦૨૬
મુ.હાલોલ.

(હર્ષ હરીરામ વિશ્નોઈ)
કોડ નં.જી.જે. ૦૧૬૦૫
એડી.જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
હાલોલ-પંચમહાલ

રમજાની શકલા(પી.એ./સ્ટેનોગ્રાફર)